# ક્યારેક અંકાયેલી પણ અત્યારે વિસરાયેલી વૈશ્વિક સરહદો

ભવિષ્યમાં થનાર કોઈ પણ યુદ્ધ કે વિશ્વયુદ્ધ શેના માટે થશે તે નક્કી કરવું મુશ્કેલ છે કારણ કે, તે અંગે ઘણા મતમતાંતર છે પરંતુ એક વાત સ્પષ્ટ છે કે અત્યાર સુધી જગતમાં જેટલાં યુદ્ધ કે વિશ્વયુદ્ધ થયાં છે તે તો મહદંશે સરહદને કેન્દ્રમાં રાખીને જ થયાં છે. છતાં નવાઈની વાત એ છે કે યુદ્ધ અને વિશ્વયુદ્ધ તો તેમના યાદગાર કિસ્સાઓના માધ્યમથી અવિસ્મરણીય રહે છે પણ તેમનાં કેન્દ્રમાં રહેલી સરહદ મહદંશે વિસરાઈ જાય છે. જો કે આનું મુખ્ય કારણ વળી એ છે કે દુનિયાની સૌથી વધુ પરિવર્તનશીલ બાબતોમાંની એક બાબત સરહદ પણ છે. કેટલીક સરહદ નાની-મોટી થઈ જાય છે તો કેટલીક સરહદનું તો અસ્તિત્વ જ સમયાંતરે મટી જાય છે. અહીં આવી જ વિસરાયેલી સરહદોની વાત વિગતે કરી છે.



## વિસરાયેલી વૈશ્વિક સરહદો

**1. ધ આયર્ન કર્ટેન (1945-1991):** આયર્ન કર્ટેઈનને વિશ્વના નકશા પર અંકાયેલી એક સરહદ દર્શક લાઈન ગણવી એ ભૂલ ભરેલું છે. આયર્ન કર્ટેઈન એ લગભગ અડધી સદી સુધી યુરોપ પર ઝળુંબતો રહેલો એક ડરામણો પડછાયો હતો. ઉત્તરે બાલ્ટિક સમુદ્રથી દક્ષિણે એડ્રિયાટિક સુધી પથરાયેલી આ સરહદ કેટલાય દેશો, કુટુંબો અને જિંદગીઓને જડબેસલાક રીતે વિભાજિત કરતી હતી. સોવિયત રશિયા હેઠળના ઈસ્ટર્ન બ્લોકના પોલેન્ડ, ઈસ્ટ જર્મની અને હંગેરી જેવા દેશો પશ્ચિમના ફ્રાન્સ, વેસ્ટ જર્મની અને ઈટાલી જેવા દેશોથી આ સરહદ થકી છૂટા પડતા હતા. આયર્ન કર્ટેઈન એ માત્ર કાંટાળા તાર અને વૉચ ટાવરનું સ્થૂળ સંયોજન નહોતું, બલકે જનમાનસમાં શંકા અને ભ્રમ જન્માવતી અદૃશ્ય માનસિક દીવાલ સમું બની રહ્યું હતું. શિક્ષણ, રોજગાર અને સમાજ (દા.ત. મિત્રતા અને પ્રેમ સંબંધો) પર આ વિભાજનની ઘેરી અસર પડી હતી. એટલે જ્યારે 1991માં આ સરહદ નાબૂદ થઈ ત્યારે જૂના દુશ્મનોને પણ પરસ્પરને ભેટતાં જોઈને વિશ્વ અવાચક બની રહ્યું હતું.

**2. ધ બર્લિન વૉલ (1961-1989):** બર્લિન વૉલ એ શીતયુદ્ધનો વિશ્વ પર પડેલો ભયાનક અને કાયમી ઉઝરડો છે. ઓગસ્ટ, 1961માં એક જ રાતમાં ઊભા થયેલા કોન્ક્રિટના એક સ્લેબે બર્લિન સહિત આખા વિશ્વને બે હિસ્સામાં વિભાજિત કર્યું હતું. આ રીતે કેટલાય મિત્રો, પ્રેમીઓ અને કુટુંબો કોઈ આગોતરી ચેતવણી કે જાણકારી વિના તત્કાળ અસરથી વિભાજિત થઈ ગયાં હતાં. સંત્રીઓ, ફ્લડ લાઈટ્સ અને જીવલેણ વાડે ઈસ્ટ બર્લિનના લોકોને જાણે કેદ કરી લીધા હતા. આમાંથી છૂટવા મથનારા લગભગ 100 લોકો મૃત્યુ પામ્યા હતા. ત્રાસદીના પર્યાય સમી આ દીવાલ 28 વર્ષ સુધી જોર-જુલમના પર્યાય તરીકે અડીખમ રહી હતી. 1989માં બર્લિન વૉલ ધરાશયી થઈ ત્યારે તેની ઉજવણી આખા વિશ્વએ નિહાળી હતી. આ દીવાલ ધ્વસ્ત થવાની સાથે જર્મની એક થયું એટલું જ નહીં બલકે આખા ઈસ્ટર્ન બ્લોકના સરળ વિસર્જનનો માર્ગ



મોકળો થયો હતો. એક શહેરને કેવી ક્રૂરતા અને જડતાપૂર્વક બે હિસ્સામાં વિભાજિત કરી શકાય તેના જીવંત સ્મારક તરીકે બર્લિન વૉલ આજે ય તેના પીડાદાયક ઈતિહાસના અવશેષો સાચવીને ઊભી છે.

**3. ધ ઇનર જર્મન બોર્ડર (1949-1990):** જેમ બર્લિન વૉલ બર્લિન શહેરને બે હિસ્સામાં વિભાજિત કરતી હતી તેમ ધ ઈનર જર્મન બોર્ડર આખા જર્મનીને પશ્ચિમ જર્મની અને પૂર્વ જર્મની એમ બે હિસ્સામાં વિભાજિત

> **કાંટાળા તારની વાડ બંને તરફથી હાથ હલાવીને નિયમિત રીતે પરસ્પરનું અભિવાદન કરતાં એક જ કુટુંબના સભ્યો એ આ વિભાજનની કડવી વાસ્તવિકતા બની ગઈ હતી**

કરતી હતી. બાલ્ટિક સમુદ્રથી તત્કાલીન ઝેકોસ્લોવેકિયા (Czechoslovakia) સુધીની 1393 કિલોમીટર લાંબી આ સરહદ પોતાના સમયમાં હાઈ સિક્યોરિટી ઝોન તરીકે જાણીતી હતી કારણ કે, અહીં કાંટાળા તાર અને વૉચ ટાવર તો હતા જ, એ સાથે લૅન્ડમાઈન્સ પણ બિછાવેલી હતી. આ રીતે થયેલા ચુસ્ત વિભાજનથી સરહદ પરનાં ઘણાં ગામડાંનું અસ્તિત્વ તત્કાળ મટી ગયું હતું. કાંટાળા તારની વાડ બંને તરફથી હાથ હલાવીને નિયમિત રીતે

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

પરસ્પરનું અભિવાદન કરતાં એક જ કુટુંબના સભ્યો એ આ વિભાજનની કડવી વાસ્તવિકતા બની ગઈ હતી. આ વિભાજનથી બે વિચારધારાવાળા જર્મની બન્યાં હતાં- રશિયન સામ્યવાદી વિચારધારાવાળું જર્મની અને પશ્ચિમી મૂડીવાદી વિચારધારાવાળું જર્મની. આથી જ્યારે ફરી અખંડ જર્મની કરવાની વાત ચાલી ત્યારે બે જુદી વિચારધારાવાળા લોકોને કેવી રીતે એક કરવા તે મોટો પડકાર હતો. જો કે 1990માં આ સરહદ નાબૂદ થઈ ત્યારે એકતાના આનંદના પ્રબળ જુવાળમાં વિભાજિત સમજને ફરી એક કરવાનો પડકાર જાણે ઓગળી ગયો હતો. આમ છતાં આ વિભાજનના ઉઝરડા આજે ય જર્મનીના રાજકારણ અને સંસ્કૃતિ પર વરતાય છે.

**4. ધ સુડટનલેન્ડ બોર્ડર (1938-1945):** બીજા વિશ્વયુદ્ધના 1 વર્ષ પહેલાં 1938માં હિટલરના નાઝી જર્મનીએ તત્કાલીન ઝેકોસ્લોવેકિયા(Czechoslovakia) કબજે કર્યું ત્યારથી આ સરહદ ચર્ચામાં આવી હતી. બીજું વિશ્વયુદ્ધ રોકવાના એક પ્રયાસરૂપે થયેલા પણ છેવટે નિરર્થક નીવડેલા મ્યુનિચ કરારના કેન્દ્રસ્થાને તત્કાલીન ઝેકોસ્લોવેકિયા (Czechoslovakia)ની જર્મનીને સોંપણી જ હતી. બીજા વિશ્વયુદ્ધના સમયગાળા દરમ્યાન હેતુપૂર્વક ઝેક નાગરિકો અને જર્મન નાગરિકો વચ્ચે ઘર્ષણપ્રેરક સંજોગો ઊભા કરાતા હતા. એના લીધે 1945માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી સરહદનું પુનઃ સીમાંકન થયું ત્યારે મોટી સંખ્યામાં જર્મનોને રીતસરના હાંકી કઢાયા હતા. તે યુરોપના ઈતિહાસનું ફરજિયાતપણે કરાવાયેલું સૌથી મોટું સ્થળાંતર હતું.

**5. ધ ડુરાન્ડ લાઇન (1893થી અત્યાર સુધી, આ લાઇન વિવાદાસ્પદ રહી છે.):** અફઘાનિસ્તાનને બ્રિટિશ ઈન્ડિયાથી છૂટું પાડવા માટે બ્રિટિશ અધિકારીઓએ 1893માં ડુરાન્ડ લાઈન આંકી હતી. ઉલ્લેખનીય છે કે અહીં બ્રિટિશ ઈન્ડિયાના જે હિસ્સાની વાત છે તે હિસ્સામાંથી આજનું પાકિસ્તાન બની ગયું છે. એટલે આ રીતે જોતાં ડુરાન્ડ લાઈન એ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ છે. જો કે આશરે 2,600 કિલોમીટર લાંબી આ સરહદ આરંભથી વિવાદાસ્પદ રહી છે કેમ કે અફઘાનિસ્તાને આજ સુધી ડુરાન્ડ લાઈનને સત્તાવાર આંતરરાષ્ટ્રીય સરહદ તરીકે માન્યતા આપી નથી. આના લીધે આજે પણ આ સરહદેથી દાણચોરી અને બળવાખોર પ્રવૃત્તિઓ ચાલ્યાં કરે છે તેમ જ સરહદી તણાવનો માહોલ સતત રહે છે.

**6. ધ સાર (SAAR) પ્રોટેક્ટૉરેટ (1947-1956):** બીજા વિશ્વયુદ્ધ પછી તત્કાલીન પશ્ચિમ જર્મનીનો સાર (SAAR) પ્રદેશ ફ્રાન્સના નિયંત્રણમાં આવ્યો હતો. આ પ્રદેશ બાકીના જર્મનીથી એક સંરક્ષિત સરહદ થકી અલગ પડતો હતો. અહીંની કોલસાથી સમૃદ્ધ ખાણોના લીધે આ પ્રદેશ આર્થિક રીતે મહત્ત્વનો હોવાથી ફ્રાન્સે તેને પોતાની પાસે રાખવાનું નક્કી કર્યું હતું. લગભગ એક દાયકા સુધી આ પ્રદેશ ફ્રાન્સ સાથે રહ્યો તેમ છતાં આ પ્રદેશે સારલેન્ડ નામ અપનાવીને પોતાના અલગ ધ્વજ અને પોતાની અલગ ફૂટબોલ ટીમ થકી એક સ્વતંત્ર ઓળખ ઊભી કરી હતી. જો કે 1955માં લેવાયેલા લોકમતમાં આ પ્રદેશની પ્રજાએ ફરીથી તત્કાલીન પશ્ચિમ જર્મનીમાં જોડાઈ જવાની ઈચ્છા દર્શાવી ત્યારે લોકલાગણીને માન આપીને 1957માં સારલેન્ડની અલગ સરહદ નાબૂદ કરી દેવાતા સારલેન્ડ તત્કાલીન પશ્ચિમ જર્મનીમાં ફરી જોડાઈ ગયું હતું અને આ પ્રદેશમાં ચાલતા સરહદી તણાવનો કાયમી ધોરણે અંત આવ્યો હતો. આ ઉપરાંત આજે વિસરાયેલી વૈશ્વિક સરહદોની યાદીમાં ધ એસ્ટ્રો-હંગેરિયન બોર્ડર (1867-1918), ધ કોનફેડરેટ સ્ટેટ્સ ઓફ અમેરિકા(1861-1865), ધ ડેનલૉ બાઉન્ડરી (9મી સદીથી 11મી સદી), ધ રોમન લાઈમ્સ (ઈ.સ.ની 1લી સદીથી 5મી સદી), ધ સાઈક્સ-પિકોટ લાઇન (1916), ધ કોરિયા-જાપાન બાઉન્ડરી (1910 પહેલાં), ધ બેંગાલ-બિહાર બોર્ડર (1905થી 1911ના બંગાળના ભાગલા દરમ્યાન.), ધ યુનાઈટેડ આરબ રિપબ્લિક બોર્ડર (1958-1961), ધ ન્યૂટ્રલ મોર્સનેટ (1816-1920), ધ ફ્રી સ્ટેટ ઓફ ફ્યુમ(1920-1924), ધ ગ્રેન કોલમ્બિયા બોર્ડર્સ (1819-1831), ધ કિંગડમ ઓફ હવાઈ બોર્ડર (1795-1898), ધ નોર્થ-વેસ્ટ ટેરિટરી બોર્ડર (1787-1803) અને ધ રિપબ્લિક ઓફ ટેક્સાસ બોર્ડર (1836-1845) જેવી કેટલીક પ્રાચીન અને ઐતિહાસિક સરહદોનો પણ સમાવેશ થાય છે.



# એકસાથે બે ફિલ્મોએ દર્શકો સાથે ઠગાઈ કરી છે?

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

શું બોલિવૂડની ફિલ્મો જોતાં દર્શકોને વાર્તા, વિષય, નિર્દેશન અને સામાજિક મૂલ્યો જેવી કોઈ બાબત નહીં પણ માત્ર મનોરંજન સાથે જ લેવા દેવા હોય છે? આ પ્રશ્ન થવાનું કારણ એ છે કે, ‘હાઉસફુલ-5’ને રૂ. 24 કરોડનું ઓપનિંગ મળ્યું અને 4 દિવસમાં રૂ. 104 કરોડની કમાણી થઈ છે. આમ જોવા જઈએ તો ફિલ્મમાં ઢંગનું મનોરંજન જ નથી. મનોરંજનના હિતમાં જોવા જવાનું પરિણામ એ આવ્યું કે ઓછી અપેક્ષાઓ સાથે ગયા પછી પણ ‘હાઉસફુલ-5’ નિરાશાજનક લાગે છે. ફિલ્મને ‘કિલર કોમેડી’ કહેવામાં આવી છે પરંતુ અસલમાં કોમેડીનું ખૂન થયું છે. ‘હાઉસફુલ-5’ને કોઈ રીતે કોમેડી ફિલ્મ કહી શકાય એમ નથી. અક્ષયકુમાર જેવા કોમેડીમાં કિંગ ગણાતા અભિનેતાને સસ્તા એડલ્ટ દ્રશ્યો કરતો જોઈ નવાઈ લાગશે. હિટ ફિલ્મ માટે કોઈ આવું પણ કરી શકે એ માનવામાં આવશે નહીં. એમાં અક્ષયકુમારનો વાંક ન હોવાનું પણ કહી શકાય. એણે છેલ્લી ઘણી ફિલ્મોમાં દમદાર અભિનય કર્યો છે. ઉદાહરણ તરીકે ‘કેસરી-2’ અને ‘સ્કાઈ ફોર્સ’ છે. એનો વિષય અને આશય સારો હોવા છતાં દર્શકોએ એ ફિલ્મો જોઈ નથી. દર્શકોને જ જો સારી ફિલ્મો જોવી ના હોય તો કલાકારો શું કરે?

‘હાઉસફુલ-5’માં મોટાભાગના કલાકારોએ અભિનય પર ધ્યાન જ આપ્યું નથી. એટલું જ નહીં એમાં દ્વિઅર્થી સંવાદ અને વલ્ગર દ્રશ્યો હોવાથી પરિવાર સાથે જોવાની સલાહ આપી શકાય એમ નથી. ખૂની કોણ છે અને ખરો જોલી કોણ છે એ તો ફિલ્મ જોયા પછી જ ખબર પડશે પણ વાર્તા કોઈ કારણ વગરની છે. કોમેડીના નામે કંઈ પણ કરવામાં આવ્યું છે. લેખનમાં રમૂજી પરિસ્થિતિ રાખી નથી. કલાકારોને દ્રશ્યમાં કંઈક રમૂજી કરવાનું કહેવામાં આવ્યું છે. અભિનેત્રીઓને જે રીતે બતાવવામાં આવી છે તે સંપૂર્ણપણે ખોટું લાગે છે. હીરોઈનોને શૉ પીસ બનાવી દેવામાં આવી છે. એક હીરોઈનને તો માત્ર હવામાં કપડા ઉડાડવા જ રાખી છે. નિર્દેશક તરુણ મનસુખાનીની આ ફિલ્મનો પ્લસ પોઈન્ટ જો કોઈ હોય તો એ એનો ક્લાઈમેક્સ છે. છેલ્લે સુધી કોઈ બતાવી શકે એમ નથી કે ખરેખર ખૂની કોણ છે. એ માટે ફિલ્મની શરૂઆત ચૂકવા જેવી નથી. ફિલ્મને એના સસ્પેન્સને કારણે જ જોઈ શકાય એમ છે પણ કોમેડીનું સ્તર નીચું છે. ફિલ્મને એના અંતને કારણે જ બીજો સ્ટાર વધારે મળ્યો છે. બાકી અક્ષયકુમારનો એક સ્ટાર જ મળ્યો હોત. ફિલ્મમાં ગીતો સારા છે પણ આ સસ્પેન્સ થ્રીલર જેવી ફિલ્મને અટકાવવાનું કામ કરે છે. જો ગીતો રાખ્યા ના હોત તો ફરક પડવાનો ન હતો. જે માનતું હોય કે ફિલ્મમાં દમદાર વાર્તા હોવી જોઈએ, વધારે રમૂજી ક્ષણો હોવી જોઈએ અને કલાકારોએ સારો અભિનય કરવો જોઈએ તો એમના માટે ‘હાઉસફુલ-5’ નથી. ફિલ્મને બે અલગ-અલગ A અને B અંત સાથે રજૂ કરવામાં આવી છે. A અને Bના ચક્કરમાં પડવા જેવું નથી. છેલ્લી દસ મિનિટ જ અલગ છે. ખૂની બદલાવાથી ફિલ્મ બદલાઈ જતી નથી. ‘હાઉસફુલ-5’ને A અને B ભાગમાં રજૂ કરવાનો વિચાર દર્શકો સાથે ઠગાઇ જેવો જ ગણી શકાય એમ છે ત્યારે એની સાથે આવેલી કમલ હાસનની હિન્દી ડબ ફિલ્મ ‘ઠગ લાઈફ’ તો ખરેખર ઠગી ગઈ છે. જે ફિલ્મના નામમાં ‘ઠગ’ શબ્દ હોય છે એ ઠગે છે. અગાઉ આમીર ખાનની ‘ઠગ્સ ઓફ હિન્દુસ્તાન’ એનું ઉદાહરણ રહી છે. કમલ ઉપરાંત સંગીતકાર A.R રહેમાન અને મણિરત્નમ જેવા મોટા નામ જોડાયા હોવા છતાં પોણા ત્રણ કલાકની ફિલ્મ ઈન્ટરવલ સુધીમાં એટલી ખેંચાય છે કે એને આગળ જોવાની હિંમત એકઠી કરવી પડે છે. જે આખી ફિલ્મ જોઈ શકે એમને ટિકિટના અડધા રૂપિયા પાછા મળવા જોઈએ. કમલના પાત્રની કેટલીક બાબતો એવી છે જે માની શકાય એવી નથી. તે કામ શું કરે છે અને કેવી રીતે પોતાની દુનિયા ચલાવે છે એ બતાવાયું નથી. તેને મોટો માણસ કેમ માનવામાં આવે છે એ વાતનો કોઈ આધાર નથી. બે વર્ષ સુધી એ હિમાલયમાં રહે છે એ માત્ર બોલીને જ કહી દીધું છે. ‘ઈન્ડિયન-2’ પછી કમલ હાસન નહીં એમની ફિલ્મ નિરાશ કરે છે. કમલના અભિનય માટે કોઈ ફરિયાદ હોય શકે નહીં. કમલ હાસને આવી ફિલ્મ કરીને એમના ચાહકોનું દિલ દુઃખાવ્યું છે. નિર્દેશક મણિરત્નમે કમલ હાસન જેવા સ્ટાર સાથે એક સુવર્ણ તક ગુમાવી દીધી છે. ફિલ્મ કમલ હાસન અને મણિરત્નમે લખી છે પણ એવું લાગતું નથી કારણ કે, ફિલ્મની સૌથી મોટી ખામી એની વાર્તા છે. વાર્તાની દ્રષ્ટિએ ફિલ્મ અપેક્ષા મુજબ અસર છોડી શકતી નથી. મણિરત્નમ પાસે ઘણી અપેક્ષાઓ હતી. એમણે વાર્તા જ નબળી પસંદ કરી અને વળી લંબાઈ વધારે રાખી. ફિલ્મમાં ક્યાંય ‘વાહ!’ કહી શકાય એવું દ્રશ્ય નથી. ખરેખર રૂ. 200 કરોડ આવી ફિલ્મ પાછળ ખર્ચીને કોઈ મતલબ રહ્યો નથી.

> **હીરોઈનોને શૉ પીસ બનાવી દેવામાં આવી છે. એક હીરોઈનને તો માત્ર હવામાં કપડા ઉડાડવા જ રાખી છે. નિર્દેશક તરુણ મનસુખાનીની આ ફિલ્મનો પ્લસ પોઈન્ટ જો કોઈ હોય તો એ એનો ક્લાઇમેક્સ છે. છેલ્લે સુધી કોઈ બતાવી શકે એમ નથી કે ખરેખર ખૂની કોણ છે**

### ઓટોગ્રાફ !

આમીર ખાને કહ્યું છે કે એનો ભત્રીજો સ્ટાર નહીં અભિનેતા બનવા માગતો હતો એટલે ફ્લોપ રહ્યો હતો. (આમીર, તને યાદ નથી તું પહેલાં અભિનેતા અને પછી સ્ટાર બન્યો હતો એ?)

# શિક્ષણના સાચા અમૃતફળ ત્યારે જ ચાખી શકાય!

આજે શિક્ષણ નિષ્ફળ ગયાની ચોતરફ બુમ મચી છે એથી એક પ્રશ્ન ઉદભવ્યા વિના રહેતો નથી. શિક્ષણખાતાએ આપણી શાળા અને કોલેજોને કેવા અભ્યાસક્રમો તૈયાર કરી આપ્યા છે? શું કોઈ શાળા કે કોલેજો એવી ગેરન્ટી આપી શકે એમ છે કે વિદ્યાર્થી ડિગ્રી મેળવ્યા પછી બુદ્ધિશાળી અને માનવતાથી હર્યોભર્યો આદર્શ નાગરિક બની રહેશે? નવા યંત્રો બજારમાં મૂકતા પહેલાં તેના પર “ટેસ્ટેડ એન્ડ ઓકે” એવી નોંધ લખવામાં આવે છે. એ પ્રકારની નોંધ આજના વિદ્યાર્થીના સર્ટિફિકેટ પર મારવામાં આવે છે ખરી? આજના રેઢિયાળ શિક્ષણમાં શિક્ષકોનો

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

વાંક કેટલો તે લાંબી ચર્ચાનો વિષય છે. છતાં એટલું વિચારી શકાય કે રિંગણ બટેટાનું શાક ખાવાની ઝંખના રાખનાર માણસની થાળીમાં દૂધી ચણાનું શાક આવી પડે તો એમાં પીરસનારનો શું વાંક? એની પાસે તો રસોડામાં જે રંધાયું હોય તે જ એના કમન્ડળમાં આવે છે. શિક્ષણના પાકશાસ્ત્રીઓ જે રસોઈ (અભ્યાસક્રમ) નક્કી કરે છે તે જ શિક્ષકોએ ભણાવવો પડે. આપણે શિક્ષણની વાત કરી રહ્યા છીએ ત્યારે એક વાત સાફ સમજાય છે. શિક્ષણ એને સ્થાને સ્પષ્ટ છે. તે વિદ્યાર્થીઓને સંસ્કારી નાગરિક બનાવવા પરસેવો પાડતું નથી. શિક્ષણવિદોએ તેમને એવી કામગીરી સોંપી જ નથી. શિક્ષણ પાસે તેના સ્પષ્ટ લક્ષ્યાંકો છે. જેમ કે કોમર્સનો વિદ્યાર્થી વાણિજ્યના જ્ઞાનથી માહિતગાર બને અને સાયન્સનો વિદ્યાર્થી વિજ્ઞાન વિષયક જાણકારી મેળવે.



તાત્પર્ય એટલું જ કે શિક્ષણની ચર્ચા દરમિયાન તેની અધૂરપોની ચર્ચા અચૂક થવી જોઈએ પણ તે થતી નથી. બીજું એક સત્ય સમજી લેવા જેવું છેઃ સંસારની યુનિવર્સીટીમાં જીવનથી ચડિયાતો અભ્યાસક્રમ બીજો એકે નથી. શાળાઓના અભ્યાસક્રમોમાં એ વિષયોની ધરાર અવગણના થઇ રહી છે. વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીના રવાડે ચઢાવી દેવામાં આવ્યા છે. જેની ગોખણશક્તિ તેજ તેનો નંબર પહેલો..! વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર ચિંતન શક્તિનો સમૂળગો અભાવ વર્તાય છે. તેમના બહુધા નિર્ણયો દેખાદેખીથી પ્રેરાયને લેવાતા હોય છે. બેંકમાં પટાવાળા માટે દશ હજાર ગ્રેજ્યુએટોની અરજીઓ આવે છે. પ્રશ્ન થાય છે યુવાનોના ટાર્ગેટો આટલા નીચા કેમ? યુવાનોમાં ધગશ હશે, બુદ્ધિ હશે, મહેનત કરવાની ભાવના હશે તો આજીવિકાના હજાર માર્ગો ખુલ્લા છે. બેકાર યુવાનો પોતાના ઘરે પ્રાઈવેટ ટ્યૂશન ક્લાસો શરુ કરી શકે છે. આજે શાળા મહાશાળાઓમાં પ્રવર્તતી શિક્ષણની લાલિયાવાડીને કારણે ટ્યૂશન ઉદ્યોગના વિકાસ માટે વિપુલ તકો ઉદ્ભવી છે. કેટલાંક બાહોશ ટીચરો તો વર્ષો જૂની શિક્ષકની નોકરી છોડી દઈ ફુલ ટાઈમ ટ્યૂશનના ગલ્લા પર બેસી ગયા છે.

સ્વામી સચ્ચિદાનંદજીએ કહ્યું છેઃ “ઘણું બધું શિક્ષણ એવું છે જે અભ્યાસક્રમોમાં નથી હોતું. શિક્ષકોએ પોતાના તરફથી તે શીખવવાનું હોય છે અને તે છે સારા સંસ્કાર, શિસ્ત અને માનવતાપૂર્ણ વ્યવહારનું શિક્ષણ! આજે વાલીઓ ટીવી ચેનલોમાં મશગૂલ છે. શિક્ષકો વિદ્યાર્થીઓને રાષ્ટ્રપતિ બનવાની શી લાયકાત હોવી જોઈએ તે શીખવે છે પણ એક સારા નાગરિક બનવાની શી લાયકાત હોવી જોઈએ તે કોઈ શીખવતું નથી. માણસની ખોપરીની રચના વિષે શીખવવામાં આવે છે પણ એ ખોપરીમાં કેવા વિચારો હોવા જોઈએ તેની કોઈને દરકાર નથી. મુખની રચના વિષે માહિતી આપવામાં આવે છે પણ એ મુખ વડે શું બોલાવું જોઈએ તે અંગે શિક્ષકો કાંઈ શીખવતા નથી. સાવ ક્ષુલ્લકપણે ઈતિહાસ, ભૂગોળ અને ગણિત શીખવવામાં આવે છે પણ કોઈ શિક્ષક એ ભણાવતો નથી કે ગુટકા ના ખાવ, વડીલોને આદર આપો, માત્ર ગાઈડ પર આધાર ના રાખો, મહાપુરૂષોના જીવનચરિત્ર વાંચો, અંધશ્રદ્ધા છોડો, વિવેકબુદ્ધિથી જીવતા શીખો વગેરે વગેરે!

દુર્ભાગ્યે આપણી સંસ્કૃતિના અભ્યાસક્રમમાં સજ્જનતા અને ઈમાનદારીના વિષયો કમ્પલસરી નથી. સમાજ આખો ‘ATKT’ લઈને આગળ વધી રહ્યો છે. પાસ ન કરી શકાયેલા વિષયો માણસે અનુકૂળતાએ શીખવાના હોય છે. દોસ્તો, નોકરીમાં પગાર કરતાં ટેબલ નીચેની આવક સારી હોય ત્યારે પ્રામાણિકતા કે ઈમાનદારીની ‘ATKT’ ક્લિયર કરવાની પળોજણમાં કોણ પડે? શું કામ પડે?

> **સ્વામી સચ્ચિદાનંદજીએ કહ્યું છેઃ ઘણું બધું શિક્ષણ એવું છે જે અભ્યાસક્રમોમાં નથી હોતું. શિક્ષકોએ પોતાના તરફથી તે શીખવવાનું હોય છે અને તે છે સારા સંસ્કાર, શિસ્ત અને માનવતાપૂર્ણ વ્યવહારનું શિક્ષણ!**

### ધૂપછાંવ

જેમનું માનસિક બંધારણ હિંસક હોય તેને આસાનીથી હિંસક બનાવી શકાય છે પણ જેમની એવી વૃત્તિ નથી હોતી તેઓ આતંકવાદી બની શકતા નથી. આતંકવાદી બનવા માટેની પણ ખાસ લાયકાત હોય છે. હરણને ટ્રેનિંગ આપો તો ય તે વાઘ ન બની શકે. મહંમદ પયગંબર સાહેબ, ગુરુનાનક સાહેબ અને શ્રી કૃષ્ણને ટ્રેનિંગ આપો તો ય તેઓ આતંકવાદી ન બની શકે અને દુર્યોધન કે શકુનિઓ વિના પ્રશિક્ષણે દુષ્ટતાની ડિગ્રી હાંસલ કરી લે છે. તાત્પર્ય એટલું જ કે રામ પાછળ 100 વર્ષ સુધી મહેનત કરો તો ય તે રાવણ ના બની શકે અને રાવણમાં જન્મજાત રાવણત્વ સમાયેલું હોય છે. કહેવાય છે કેઃ “પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય અને દુષ્ટતાનો નાશ ચિતામાં જ થાય!”